# ORDER BELOW EXHIBIT-5

(૧) વાદીએ વિજ્ઞાપન અને કાયમી મનાઈહુકમની માંગણી કરતો દાવો કરી કેશોદ તાલુકાના બાલાગામના ખાતા નં. ૧૯૫ વાળી ખેતીની જમીન રે. સ. નં. ૭૦૫, હે. આરે. ચો. મી. ૨–૪૫–૮૫ તથા રે. સ. નં. ૭૯૨/૧, હે. આરે. ચો. મી. ૦૦–૬૬–૭૭ તથા રે. સ. નં. ૭૯૨/૨, હે. આરે. ચો. મી. ૦૦–૦૩–૦૪ મળી કુલ જમીન હે. આરે. ચો. મી. ૦૩–૧૫–૬૬ વાદીની વડીલોપાર્જીત જમીન હોય, આ જમીનો સબંધે થયેલ વીલ આધારે કેશોદ સીવીલ કોર્ટના દીવાની પરચુરણ અરજી નં. ૨/૧૭ અને કેશોદ સીવીલ કોર્ટમાં થયેલ દીવાની દાવા નં. ૧૧/૧૯ના હુકમ સામે થયેલી દીવાની અપીલ નં. ૧ ૨/૨૨ના કામે થયેલ સમાધાનના હુકમનામા તથા વાદી અને પ્રતીવાદી નં. ૧ વચ્ચે તા. ૧૧/૩/૨૩ના રોજ થયેલ સમજુતી લખાણ અન્વયે કાર્યવાહી કરેલ ન હોય, પ્રતીવાદીઓ સદર જમીનો અંગે વાદીના હીતને નુકશાન જાય તેવું કૃત્ય કરવા જણાવતા હોય, દાવાના આખરી નીકાલ સુધી પ્ર તીવાદીઓ સામે કામચલાઉ મનાઈહુકમ માંગેલ છે.

(૨) પ્રતીવાદીઓ તરફે હાલની અરજીનો વીરોધ કરતો જવાબ આંક ૧૭, ૨૨ થી કરવામાં આવેલ છે. વાદી તરફે દાવાના કામે આંક ૪ ના દસ્તાવેજી પુરાવા લીસ્ટથી અરજી/દાવાના સમર્થનમાં પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ છે.

(૩) વાદીના દાવાની હકીકત તથા અરજી સબંધે કોઈ બંને પક્ષે એટલે કે વાદી પક્ષે રજુ લેખીત દલીલ તથા પ્રતીવાદીપક્ષે થયેલી મૌખીક રજુઆતો, દસ્તાવેજી પુરાવાઓ, કાયદાકીય જોગવાઈઓ અને નામદાર સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતોના સીધ્ધાંતો ધ્યાને લીધા. વાદીપક્ષે આંક ૨૫ ની દલીલ સાથે રજુ ઓથોરીટીઝ માનપુર્વક વંચાણે લીધી.

વાદીએ આ અરજી સી.પી.સી.ઓર્ડર–૩૯, રૂલ–૧, ૨ ની જોગવાઈ મુજબ કરેલ હોય, વાદીએ વચગાળાના મનાઈ હુકમની સમન્યાયની દાદ આપવાની વિવેકબુધ્ધિની સત્તા આ કોર્ટને આપવામાં આવેલ છે. સમન્યાયની દાદ મેળવતા પક્ષકારે ત્રણ શરતો પરિપૂર્ણ કરવી પડે. તે પૈકી પ્રથમ શરત પોતાનો મજબુત પ્રથમ દર્શનીય કેસ હોવાનું પુરવાર કરવું પડે, બીજી શરત સગવડતાની સમતુલા તેઓની તરફેણમાં છે અને ત્રીજી શરત જો મનાઈ હુકમ આપવામાં ન આવે તો નાણામાં ન માપી શકાય તેવું નુકશાન તેઓને થાય તેમ છે તે પણ પ્રસ્થાપિત કરવું પડે. હવે જોઈએ કે શું વાદી આ ત્રણેય શરતો અને કસોટીઓમાં સફળ થાય છે કે કેમ ?

(૪) સી. પી. સી. ઓર્ડર–૩૯, રૂલ–૧ મુજબ કોઈ તકરારી મિલ્કત વેડફાય કે નુકશાનગ્રસ્ત થાય કે હસ્તાંતર થાય, તેવો ભય સાબિત કરવાનો છે. વળી, મનાઈ હુકમ મેળવવા માટે વાદીએ પ્રતિવાદીઓ તેમની મિલ્કતમાંથી દૂર કરી મિલ્કતોનો નિકાલ કરી નાખશે, તેવો ભય પણ બતાવવાનો રહે છે.

દાવાની તથા અરજીની હકીકત જોઈએ તો દાવાવાળી જમીન સબંધે રજુ દસ્તાવેજો જોતા પ્રતીવાદી નં. ૧ નું નામ રેવન્યુ રેકર્ડમાં જણાય આવે છે. દીવાની પરચુરણ અરજી નં. ૨/૧૭ અન્વયે વાદી જોગ વીલથી દાવાવાળી મીલકતો સબબ વીલ કરવા ગુજરનાર પુનાભાઈ ડાયાભાઈ સોલંકીને હકક હોય, રેગ્યુલર દીવાની અપીલ નં. ૧૨/૨૨ સબબ થયેલ સમાધાન પ્રતીવાદી નં. ૧ના આંક ૧૭ના જવાબની તકરાર મુજબ કપટપુર્વક વાદીએ કરાવેલ હોય તેવી તકરાર ઉભી થયેલી છે. પ્રતીવાદી નં. ૨ થી ૪ ની આંક ૨૨ નીચેની તકરાર જોતા પણ તકરાર હાલના દાવાના કામે પુરાવો લીધા વીના નીર્ણીત થઈ શકે તેવી જણાતી નથી. વાદીની મિલ્કત વેડફાય કે નુકશાનગ્રસ્ત થાય તેવો ભય આ તબકકે જણાય આવતો ન હોય, જેથી આ કામના વાદીનો આ કેસ પ્રથમદર્શનીય જણાતો નથી. વળી, દાવામાં માંગેલ સમન્યાયી દાદ આ તબકકે વાદીને આપવામાં આવે તો સગવડતા અગવડતાની સમતુલા વાદીને મદદરૂપ થતી ન હોય, પ્રતીવાદીઓને કોઈ નુકશાન જવા સંભવ જણાય છે. આમ, આ તબકકે વાદીને માંગ્યા મુજબ મનાઈહુકમ આપવાથી ઉપર ચર્ચા કરી તે મુજબ અન્યને નુકશાન જવા સંભવ ન હોય, વાદીનો પ્રથમદર્શનીય કેસ તેમજ નાણામાં આંકી શકાય નહી તેવું નુકશાન તેમજ સગવડતા અગવડતાની સમતુલા વાદીને તરફેણ કરતી હોય તેવું જણાઈ આવતું હોય, તેથી હાલની અરજીના કામે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::– <u>હુ ક મ</u> –::**

વાદીઓની આંક–૫ ની મનાઈ અરજી આથી નામંજૂર કરવામાં આવે છે.

ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

ઉપરોકત હુકમ આજ તા. ૧૨મી, માહે માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરીને જાહેર કર્યો.

તા. ૧૨–૦૩–૨૦૨૫ (હિતેશકુમાર ગીરીશભાઈ દામોદ્રા )

કેશોદ. મુખ્ય સીનીયર સીવીલ જજ,

કેશોદ.

જજ કોડ–GJ01005